# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-05-2025** **Day:** Friday **Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મુખ્યમંત્રીની બેઠક

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતે રાજ્યના ભૂમિદળ, નૌકા દળ, વાયુસેના અને તટરક્ષકના અધિકારીઓ તેમજ વિવિધ વિભાગોના સચિવો સાથે બેઠક યોજી. તેમણે હાલની તણાવપૂર્ણ સ્થિતિમાં સંબંધિત જિલ્લાઓના સરહદી ગામોમાં નિકાસના આયોજન કરવા સાથે નાગરિક સંરક્ષણની સજ્જતા, સલામત સ્થળોની ઓળખ તેમજ પાણી, ખોરાક અને અન્ય સંશાધનોની પૂરતી ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા પણ સૂચનાઓ આપી.**

**-----------------------------------------------------------------------------------------**

## કચ્છના વહીવટી તંત્ર દ્વારા પગલા: નાગરિકોનો સહકાર

**હાલની પરિસ્થિતિને પગલે કચ્છના વહીવટી તંત્ર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. તો બીજી બાજુ કચ્છના નાગરિકો પણ સરકાર અને તંત્રને પૂરો સહકાર આપી રહ્યા છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ : અશરફ નથવાણી)**

***હાલની તણાવભરી પરિસ્થિતિને પગલે સરહદી કચ્છ જીલ્લામાં સુરક્ષા દળોની સાથોસાથ પોલીસ અને સમગ્ર વહીવટીતંત્ર પણ એલર્ટ પર છે. ગઈ રાત્રે ઉચ્ચ કક્ષાએથી આવેલ સૂચના બાદ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે બ્લેકઆઉટનો આદેશ કરતાં મોટાભાગના કચ્છમાં અંધારપટ છવાયો હતો. સંપૂર્ણ બ્લેક આઉટના ભાગરૂપે જીલ્લામાં ઘરોની લાઇટો ઉપરાંત રોડલાઇટ અને વાહનોની લાઈટો પર પણ નિયંત્રણ કરવામાં આવ્યું હતું. આ બ્લેકઆઉટ આજે રાત્રે પણ યથાવત રહેશે તેવી પૂરી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે.***

બીજી બાજુ, માછીમારોને દરિયામાંથી પરત બોલાવી લેવામાં આવ્યા છે. સરહદી વિસ્તારમાં આવેલ નારાયણ સરોવર, જખૌ અને લખપતના દરિયાઈ વિસ્તારમાં માછીમારો દ્વારા થતી તમામ પ્રકારની માછીમારી પ્રવૃત્તિઓ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આગામી આદેશ ન મળે ત્યાં સુધી માછીમારી પ્રવૃત્તિ બંધ રાખવા સૂચના આપવામાં આવી છે.

સરહદી વિસ્તારના તમામ ગામોમાં લોકોને કોઈ પણ ભય રાખ્યા વગર ઘરોમાં જ રહેવા તાકીદ કરવામાં આવી છે. વિવિધ ગ્રામીણ વિસ્તારોમાં પોલીસ દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે. પશ્ચિમ કચ્છ પોલીસ વડા વિકાસ સુંડાએ સરહદી ગામોના રહેવાસીઓને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી છે.

ભારત - પાકિસ્તાનના તણાવ વચ્ચે સરહદી જિલ્લામાં અનોખી રાષ્ટ્રીય એકતા અને દેશપ્રેમના દર્શન થઈ રહ્યા છે.  કોઇપણ પરિસ્થિતિમાં ખભેખભા મેળવીને તંત્રને શક્ય તમામ મદદ કરવા વિવિધ સમાજો, સંસ્થાઓ અને હિન્દુ મુસ્લિમ આગેવાનોએ તૈયારી દર્શાવી છે. વર્તમાન પરિસ્થિતિને જોતા ભુજની લેવા પટેલ અને કે.કે. હોસ્પિટલમાં જરૂર પડયે તો ઘાયલ સૈનિકો અને નાગરિકોની તમામ પ્રકારની સારવાર નિઃશુલ્ક કરવાનો મહત્વનો નિર્ણય કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા લેવાયો છે. બંને હોસ્પિટલમાં કૂલ મળી ૪૦૦ પથારીઓની વ્યવસ્થા ઉપલબ્ધ છે, જેમાંથી ૫૦ બેડ અનામત રાખવામાં આવ્યા છે. ઓપરેશન સિંદુરને અર્પણ બ્લડ ડોનેશન કેમ્પનું આજે ભુજની લાયન્સ હોસ્પિટલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. અનિચ્છનીય પરિસ્થિતિની પૂર્વ તૈયારીના ભાગરૂપે પશ્ચિમ કચ્છ પોલીસ,લાયન્સ હોસ્પિટલ અને જીકે જનરલ હોસ્પીટલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યું હતું. તો ભારતીય સૈન્યને તમામ મોરચે ભવ્ય સફળતા મળે તે માટે આજે શુક્રવારની નમાઝમાં કચ્છની મસ્જિદોમાં સામૂહિક દુઆ કરાઈ હતી.

અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ

---------------------------------------------------------------------------------------

## ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદીલીભરી સ્થિતિને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા આ મહિનાની 15 તારીખ સુધી રાજ્યમાં ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાજ્ય સરકાર તરફથી ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશ્યલ મીડિયાના માધ્યમથી અપીલ કરી છે કે તમામ નાગરિકોએ સરકારની જાહેર કરેલી માર્ગદર્શિકા અને આદેશોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. સરકારના આદેશ મુજબ, કોઈપણ પ્રકારના સામૂહિક કાર્યક્રમો, ઉજવણીઓ કે સમારંભોમાં પણ ફટાકડા ફોડવાની મનાઈ રહેશે. આ સિવાય ડ્રોનને ઉડાડવા પર પણ પ્રતિબંધ મુકાયો છે.

-----------------------------------------------------------------------------------

## આઇપીએલ રદ્દ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ આઇપીએલ મેચોને એક સપ્તાહ માટે સ્થગિત કરવાની જાહેરાત કરી છે. બીસીસીઆઈએ આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંબંધિત અધિકારીઓ અને હિસ્સેદારો સાથે પરામર્શ કરીને પરિસ્થિતિનું વ્યાપક મૂલ્યાંકન કર્યા પછી સુધારેલા સમયપત્રક અને સ્થળોની જાણ કરવામાં આવશે. આ નિર્ણય ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા લશ્કરી તણાવ વચ્ચે લેવામાં આવ્યો છે.

-----------------------------------------------------------------------------------

## પશ્ચિમ રેલવે- ટ્રેનો રદ્દ

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળથી ચાલનારી કેટલીક ટ્રેનોને રદ્દ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવતીકાલે 10 મેના ચાલનારી ભુજ-રાજકોટ ભુજ વિશેષ ટ્રેન, ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ અને ગાંધીધામ જોધપુર એક્સપ્રેસ રદ્દ કરવામાં આવી છે. ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે રેલવેની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવા પશ્ચિમ રેલવે દ્વારા જણાવાયું છે..

-----------------------------------------------------------------------------------

## દેશભરમાં પુરતા પ્રમાણમાં ઇંધણનો સ્ટોક

**ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે જણાવ્યું છે કે દેશભરમાં પૂરતા પ્રમાણમાં ઇંધણનો સ્ટોક છે અને માંગ આધારિત પુરવઠો સરળતાથી પહોંચાડાઇ રહ્યો છે. IOCL એ નાગરિકોને ગભરાટમાં ખરીદી કરવા માટે ધસારો ટાળવા વિનંતી કરી છે આઇઓસીએલે જણાવ્યું ઇંધણ અને LPG તેના તમામ આઉટલેટ્સ પર સરળતાથી ઉપલબ્ધ છે..**

**-----------------------------------------------------------------------------------------**

## ગૃહમંત્રી હર્ષ સંઘવી

**ભારત પાકિસ્તાનની તણાવભરી પરિસ્થિતિ વચ્ચે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય અને ઇન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી હતી. બેઠકમાં વર્ચ્યુઅલ માધ્યમથી રાજ્યના તમામ મહાનગરોના પોલીસ કમિશનર, રેન્જ વડા, જિલ્લા પોલીસ વડા સાથે જિલ્લાની પરિસ્થિતિ અંગે વિગતો મેળવી હતી..**

**-----------------------------------------------------------------------------------------**